

અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી મંદિરમાં શામળીયા ભગવાનના દર્શનાર્થે પુનમ નિમિત્તે ભાવિક ભક્તો દર્શન કરવા ઉમટ્યા હતા. શામળીયા ભગવાનના દર્શન કરી ભાવિક ભક્તોએ ધન્યતા અનુભવી હતી. શામળાજી મંદિરમાં ભાવિક ભક્તોના ઘોડાપુર ઉમટ્યા હતા.

# બનાસકાંઠા-ખેડા જિલ્લા પંચાયતની ૨૧મીએ ચૂંટણી

## ત્રીજી ફેબ્રુઆરીએ જાહેરનામું જારી થઇ જશે : બે જિલ્લા પંચાયત, ૧૭ તાલુકા પંચાયતમાં આચારસંહિતા અમલી

સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓમાં આજે રાજયમાં બનાસકાંઠા અને ખેડા જિલ્લા પંચાયત મળી બે જિલ્લા પંચાયત અને ૧૭ તાલુકા પંચાયતની ચૂંટણીની તારીખ રાજયના ચૂંટણી કમિશનર વરેશ સિંહા દ્વારા જાહેર કરવામાં આવી હતી. જે મુજબ, બનાસકાંઠા અને ખેડા જિલ્લા પંચાયત અને ૧૭ તાલુકા પંચાયતની ચૂંટણી તા.૨૧મી ફેબ્રુઆરીના રોજ યોજાશે. જો કે, રાજયની આ બે જિલ્લા પંચાયતો અને ૧૭ તાલુકા પંચાયતોની ચૂંટણી અંગેનું વિધિવત્ જાહેરનામું તા.૩જી ફેબ્રુઆરીએ પ્રસિધ્ધ કરાશે અને ત્યારથી આ બે જિલ્લા પંચાયત અને ૧૭ તાલુકા પંચાયતમાં ચૂંટણી આચારસંહિતા લાગુ થશે.રાજયના ચૂંટણી કમિશનર વરેશ સિંહાએ જણાવ્યું હતું કે, બનાસકાંઠા અને ખેડા જિલ્લા પંચાયત અને ૧૭ તાલુકા પંચાયતની ચૂંટણીમાં ઉમેદવારી કરવા અંગે ઉમેદવારીપત્ર ભરવાની છેલ્લી તારીખ તા.૮-૨-૨૦૧૮ રહેશે. ઉમેદવારીપત્ર ચકાસણીની તારીખ તા.૯-૨-૨૦૧૮ રહેશે. તા.૨૧મી ફેબ્રુઆરીએ આ બંને જિલ્લા પંચાયત અને ૧૭ તાલુકા પંચાયતની ચૂંટણી માટેનું મતદાન યોજાશે. જેમાં ઈવીએમનો ઉપયોગ થશે. આ ચૂંટણી દરમ્યાન પણ મતદારો પોતાના મતાધિકાર દરમ્યાન નોટાનો ઉપયોગ કરી શકશે. જો કોઈ સંજોગોમાં ફેરમતદાનની સ્થિત સર્જાય તો, તા.૨૨મી ફેબ્રુઆરીએ પુનઃ મતદાન યોજવામાં આવશે. ત્યારબાદ તા.૨૩મી ફેબ્રુઆરીએ આ બંને જિલ્લા પંચાયત અને ૧૭ તાલુકા પંચાયતની ચૂંટણીની મતગણતરી હાથ ધરી પરિણામો જાહેર કરવામાં આવશે. ગુજરાત રાજય ચૂંટણી પંચ દ્વારા બે દિવસ પહેલાં જ રાજયની ૭૫ નગરપાલિકાઓની આ ચૂંટણી અંગેનું સત્તાવાર જાહેરનામું પ્રસિધ્ધ કરાયું હતું, જે મુજબ આગામી તા.૧૭મી ફેબ્રુઆરીના રોજ રાજયની ૭૫ નગરપાલિકાઓની ચૂંટણી યોજાનાર છે. જેમાં અમદાવાદ જિલ્લાની ધંધુકા, બાવળા, સાણંદ સહિતની રાજયની ૭૫ નગરપાલિકાઓનો સમાવેશ થાય છે. નગરપાલિકાઓની ચૂંટણી માટે તા.૩જી ફેબ્રુઆરી ઉમેદવારીફોર્મ ભરવાનો છેલ્લો દિવસ છે. ફોર્મની ચકાસણી તા.પમી ફેબ્રુઆરીએ થશે. સ્થાનિક સ્વરાજયની આ ચૂંટણીમાં પણ મતદાન ઈવીએમ દ્વારા થશે તેવી સ્પષ્ટતા ચૂંટણી પંચ દ્વારા અગાઉ કરી દેવામાં જ આવી છે. તો, સાથે સાથે સ્થાનિક સ્વરાજયની આ ચૂંટણીમાં પણ નોટાનો ઉપયોગ થઈ શકશે તેવું પણ સ્પષ્ટ કરી દેવાયું છે. રાજયની ૭૫ નગરપાલિકાઓ સાથે પ્રસંગોપાત ખાલી પડેલી જે તે બેઠકોની પેટા ચૂંટણી પણ યોજાશે. જેમાં છ નગરપાલિકાઓની પેટા ચૂંટણી અને રાજકોટ મહાનગરપાલિકાના એક વોર્ડની પેટાચૂંટણીનો સમાવેશ થાય છે.

# ગુજરાતી ફિલ્મ ધાકડ બીજી ફેબ્રુઆરીએ રીલીઝ થશે

ગાંધીનગર, તા. ૩૧

ગુજરાતી ફિલ્મ ધાકડ બે ફેબ્રુઆરીએ રીલીઝ થશે. સોશિયલ મીડિયામાં ખુબજ લોકચાહના મેળવેલ છે. અત્યારે સોશિયલ મીડિયામાં ફેમસ બનેલુ ગીત 'જાણી લેજો રે...' જેને ફેસબુક પર ૨ મીલીયનથી પણ વધુ લોકોએ જોયું છે અને આ રેકોર્ડ નોંધાવીને ગુજરાતી ફિલ્મ જગતમાં પોતાનું આગવુ સ્થાન બનાવનાર ફિલ્મ ધાકડ ૨ ફેબ્રુઆરીના રોજ રીલીઝ થવા જઈ રહી છે.

ફિલ્મના પ્રોડ્યુસર હિતેશ માધુ અનુસાર ધાકડ એ એક ફેમીલી મુવી છે જેમાં ફેમીલી ડ્રામા પણ છે તો સાથે સાથે કોમેડી અને રોમાન્સનો મસાલો પણ બતાવવામાં આવ્યો છે. જે દર્શકોને ખુબ જ ગમશે તેમનું કહેવું છે કે ધાકડ એ પૈસા વસુલ મુવી છે. જેમાં મજાની સાથે દર્શકોને એક સારો મેસેજ પણ મળશે અને તેમને દર્શકોને અપીલ કરી હતી કે આખુ પરિવાર આ મુવી જોવા જાય. સાથે જ ફિલ્મના ડાયરેક્ટર દશરથ માળીનું પણ દર્શકોને અપીલ કરી છે કે જે રીતે ધાકડ એ ફેસબુકમાં ગીત અને ટ્રેલરના તમામ રેકોર્ડ તોડી નાખ્યા છે તેવો જ પ્રેમ દર્શકો સિનેમા ઘરોમાં જઈને દાખવે અને આપણી ફિલ્મને માણે. આ ફિલ્મ દિકરીની ઘરમાં શું ભૂમિકા છે, દિકરી ચાહે તો ઘરને સ્વર્ગ બનાવી શકે છે. બેટી બચાવો અભિયાન ઉપર આગવી ફિલ્મ બની છે.

# બોલુંદરા ગામે સહકારી મંડળીઓના કારોબારી સભ્યોનો બે દિવસીય તાલીમ વર્ગ સંપન્ન

મોડાસા, તા.૩૧

અરવલ્લી જિલ્લા સહકારી સંઘ દ્વારા મોડાસાના બોલુંદરા ગામની બન્ને સહકારી સંસ્થાઓના સહયોગથી યોજાયેલ સહકારી મંડળીઓના



વ્ય. કમિટી સભ્યોનો બે દિવસીય તાલીમ વર્ગ આજે સંપન્ન થયો હતો. સંઘના અધ્યક્ષ પ્રભુદાસભાઈ પટેલ દ્વારા વર્ગનું ઉદ્ઘાટન અને સમાપન કરાયું હતું. જેમાં સ્થાનિક સહકારી સેવા મંડળીના ચેરમેન નાથાભાઈ પટેલ અને દૂધ મંડળીના ચેરમેન જશવંતસિંહ રહેવર તેમજ બન્ને મંડળીઓના સેક્રેટરીઓ દ્વારા ઉષ્માભર્યો સહયોગ મળ્યો હતો અને તાલીમ વર્ગમાં જાણીતા કાનૂની સલાહકાર જે.કે. દરજી અને સંઘના એક્ઝિક્યુટિવ ઓફિસર હરિપ્રસાદ જોશીએ વિવિધ સહકારી પાસાઓને આવરી લઈ તાલીમ, શિક્ષણ અને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં સહકારી મંડળીઓના ચેરમેનો, સેક્રેટરીઓ કેશુભાઈ પટેલ અને પ્રતીક પટેલ સહિત વ્યક્તિ કમિટી સભ્યો પણ ઉપસ્થિત રહ્યા હતા.

# કઉ ગામે પ્રાથમિક શાળામાં ચંપલ અને બિસ્કીટ વિતરણ કરાયું

મોડાસા, તા. ૩૧

પુંસરી ગામના અને આંજણા ચૌધરી સમાજના આગેવાન નટુભાઈ ચૌધરીની ૭મી પુણ્યતીથીએ તેમના પરીવાર તરફથી મોડાસા ગામની કઉ ગામની પ્રાથમિક શાળાના બાળકોને ચંપલ બિસ્કીટ તથા શૈક્ષણિક કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે નરેન્દ્રભાઈ પટેલ, ગ્રામજનો તથા બાળકોને જણાવવાનું હતું કે આ વિસ્તાર બક્ષીપંચની વસ્તી ધરાવતો વિસ્તાર છે. અને આ શાળાની કોઈપણ દિકરીનો અભ્યાસ પૈસા વગર ના છોડી દે તે માટે અભ્યાસ કરવા માટે નાણાંકીય સહાય નટુભાઈ ચૌધરી ટ્રસ્ટમાંથી આપવામાં આવશે.

ગ્રામજનોએ પ્રાથમિક શાળાના જર્જરીત મકાન માટે તેમજ હાઈસ્કૂલના નવિન મકાનનુ કામ અટક્યુ છે તે માટે રજુઆત કરતા સરકારમાં રજુઆત કરવાની ખાતરી આપી હતી.

આજના ચંપલ, બિસ્કીટ તથા કિટ વિતરણમાં ૩૫૦ બાળકોને લાભ આપવામાં આવ્યો હતો.

# થરાદની એમએસ વિદ્યામંદીરમાં બાળકોએ એક રાત તંબુમાં વિતાવી

થરાદ, તા. ૩૦

થરાદની એમ.એસ વિદ્યામંદિરના ભૂલકાંઓએ ઘરથી દૂર એક ઘરનો અનોખો અનુભવ કરતાં એક રાત માતાપિતાથી દુર શાળાના પ્રાંગણમાં બનાવવામાં આવેલા સ્પેશ્યલ તંબુમાં વિતાવી હતી. જેમાં શાળાની શિક્ષિકાઓએ બાળકોની માતાની ગરજ સારી હતી. વિદ્યાર્થી પોતાની દૈનિક ક્રિયાઓ બાબતે અનુભવથી સ્વાવલંબન મેળવે તે હેતુથી હતું. જેમાં બાળકોએ એક રાત્રી વાલીઓથી દુર રહીને કેમ્પસમાં બાંધવામાં આવેલા વીઆઈપી તંબુઓમાં વિતાવી હતી. બાળકોની દેખરેખ માટે શાળાની શિક્ષિકા માતા બની હતી. આ શિબિરમાં દૂધ, જ્યુસની ભોજન વ્યવસ્થા, મેડિકલ સુવિધા સ્વચ્છતા, કેમ્પફાયર, યોગ, કરાટેની બ્યુટીફિકેશન પ્રવૃત્તિ, હોમસાયન્સ, સંગીત સાથે નાચગાન, મોસમી ફળોનો સ્વાદ, ઘોડેસવારીનો આનંદ, બાળવાર્તા પુસ્તકોનો



રાત્રિરોકાણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાળકોએ આનંદ માણ્યો હતો આનંદ માણ્યો હતો.

થરાદ શહેરની એમ.એસ વિદ્યામંદિર આચાર્ય અશોકભાઈ દવે દ્વારા બાળકોની સુષુપ્ત શક્તિઓ ખીલે તે માટે સહભ્યાસિક પ્રવૃતિઓના અવનવા કેમ્પસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. શાળામાં અભ્યાસ અર્થે આવતા નાનાં બાળકો પોતાની દૈનિક ક્રિયાઓ બાબતે સ્વાવલંબી બને તેમજ અનુભવ મેળવે તે હેતુથી તારીખ ૨૫ અને ૨૬ ગુરુવાર શુક્રવારના રોજ ઘરથી દૂર એક ઘરનો અનોખો અનુભવ ધોરણ-૧ અને ૨ નાના ભૂલકાઓ માટે રાત્રી રોકાણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું સ્ટોર, સાંજના સંસ્કૃતિક કાર્યક્રમો, કાર્ટૂન ફિલ્મ દર્શન તેમજ વિવિધ રમતોનો આનંદ બાળકો માણી શકે તે પ્રકારનું આયોજન કરવામાં આવ્યું હતું. બાળકોના વાલીઓએ પણ તેમના બાળકોની શિબિરની મુલાકાત લીધી હતી તેમજ બાળકો સાથે ગરબા ઘણી મજા માણી હતી ગરબા ઘૂમી ગરબે રમી મજા માણી હતી. બે દિવસ આયોજિત કરાયેલા આ રાત્રી રોકાણ શિબિરમાં ૧ થી ૬ના વિદ્યાર્થીઓની સાથે શિક્ષિકાઓ ઉપરાંત ૧૧ સાયન્સની વિદ્યાર્થિનીઓ પણ જોડાઈ હતી. શાળાના પ્રમુખ વણાજી રાજપુત, મંત્રી અમરતલાલ માળી અને ટ્રસ્ટીઓએ પણ હાજરી આપી વાલીઓ અને વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પુરૂ પાડ્યું હતું.



## કે.એન. શાહ મોડાસા હાઈસ્કૂલનું ગૌરવ, શ્રેષ્ઠ શિક્ષક તરીકે કનુભાઈ ખાંટનું સન્માન

અરવલ્લી જિલ્લાની વિદ્યાનગરી મોડાસા શહેરની કે.એન. શાહ મોડાસા હાઈસ્કૂલના સુપરવાઈઝર કનુભાઈ આર. ખાંટનું પ્રજાસત્તાક દિને જિલ્લા કક્ષાના સમારોહમાં અરવલ્લી જિલ્લા કલેક્ટર શાલિની અગ્રવાલ, ડીડીઓ તેમજ ડીએસપીના વરદહસ્તે પ્રશસ્તિપત્ર આપી બહુમાન કરવામાં આવ્યું હતું. કનુભાઈ ખાંટે સતત ચૌદ વર્ષથી ગુજરાત રાજ્ય અંગ્રેજી કે.આર.પી. ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળમાં અંગ્રેજી વિષયમાં હામીઈક બે કાવ્યસંગ્રહો, પ્રોગ્રામ એન્કરીંગના લેખક, પ્રકાશક તેમજ સી.સી.આર.ટી, જીસીઈઆરટી એસ.ટી.ટી.આઈ. વગેરે સંસ્થાઓ દિલ્હી તેમજ કામ્ટી (મહારાષ્ટ્ર) ખાતે સંસ્થાઓમાં તાલીમ લઈ, આપી, ઉત્કૃષ્ટ શૈક્ષણિક સેવાઓ આપી છે. તેમની સર્વોત્તમ શૈક્ષણિક કારકિર્દી અને પ્રદાન માટે પથદર્શક બનવા માટે જિલ્લાના શ્રેષ્ઠ શિક્ષક તરીકે સન્માન પ્રાપ્ત થયુ હતુ.

# આકરૂન્દ ગામના દિવ્યાંગ સામાજિક કાર્યકરનુ વિશિષ્ટ સન્માન કરાયુ

અરવલ્લી જિલ્લામાં જિલ્લા કક્ષાના પ્રજાસત્તાક દિનની ઉજવણી મોડાસામાં કરાઈ હતી. આકરૂન્દ ગામના દિવ્યાંગ સામાજિક કાર્યકર અને આકરૂન્દ કેળવણી મંડળના સહમંત્રી દિનેશભાઈ પટેલજીને સામાજિક અને શૈક્ષણિક કામગીરી ઉપરાંત વંચિતોને મદદ કરવા જેવી કામગીરીને જિલ્લા વહીવટીતંત્રએ ધ્યાને લઈને જિલ્લા કલેક્ટર શાલીની અગ્રવાલજીના હસ્તે તેમનું વિશિષ્ટ સન્માન કરાયુ હતુ. તે બદલ ગામલોકો અને આકરૂન્દ કેળવણી મંડળના હોદ્દેદારોએ અભિનંદન પાઠવ્યા હતા.

# યાત્રાધામ ઢીમામાં ગંદકી મુદ્દે કલેક્ટર સહિત ઉચ્ચ કક્ષાએ ઉગ્ર રજુઆત

બનાસકાંઠા, તા. ૩૧

બનાસકાંઠા જિલ્લાના સુપ્રસિદ્ધ શક્તિપીઠ અંબાજી ધામ પછીના બીજા નંબરના યાત્રાધામ તરીકે ઢીમા ધામની ગણના થાય છે. તો વળી ચાર ધામની યાત્રાઓ પૂર્ણ કર્યા બાદ યાત્રાધામ ઢીમા ધરણીધર ભગવાનના દર્શન કર્યા વિના અધુરી ગણાય છે. છતાં પણ અહીંયા પ્રાથમિક સુવિધાઓનો અભાવ વર્તાય છે. પરંતુ સ્થાનિક તંત્ર દ્વારા ગટર વ્યવસ્થા, સ્ટ્રીટલાઈટ, બસસ્ટેશન, જાહેર રસ્તાઓ પર ગંદકી, પાર્કિંગની વ્યવસ્થા, જાહેર શૌચાલય કે સ્નાનઘરનો અભાવ વર્તાય છે. ગુજરાત રાજયના અતિપ્રાચીન અને મોખરાનું નામાંકિત યાત્રાધામ ઢીમા ધામે ગુજરાત રાજયનાં યાત્રાધામોમાં પણ અનેરૂ મહત્વ ધરાવે છે. જ્યારે ૯ હજારથી વધુની જનસંખ્યા ધરાવતું વાવ તાલુકાનું મોટુ ગામ છે. પરંતુ અહીંયા ગામનાં મુખ્ય રોડ-રસ્તાઓ બિસ્માર બન્યાં છે. ગામમાંથી સપ્રેડા ભોરોલ રોડનું કામ વર્ષોથી ખોરંભે ચડેલ છે. જ્યારે મંદિર જવાનાં મુખ્ય રસ્તામાં ગંદકીનું સામ્રાજ્ય છવાયેલું રહે છે. લોકોનો આક્ષેપ છે કે, ગટર વ્યવસ્થા સહિત પ્રાથમિક સુવિધાઓનો અભાવ વર્તાય છે. તો વળી ઢીમા-સપ્રેડા જવાનાં મેઈન માર્ગને ખોદી બહાર શોષકૂવાઓ કરવામાં આવતાં ભારે રોષ ફેલાયો છે.

સ્થાનિક લોકોએ સરપંચને અનેકવાર મૌખિક રજૂઆતો કરવાં છતાં આજદિન સુધી કોઈ પગલાં ના ભરાતા અંતે ઢીમા ફાટી નીકળે તે પહેલાં કાયમી ધોરણે જાહેર રસ્તાઓ પર ગંદકી કરનાર લોકો વિરૂદ્ધ કાયદેસર કાર્યવાહી કરવામાં આવે તેવી અમારી માંગણી છે અને આગામી ૧૦ દિવસમાં ન્યાય નહિ મળે તો ગુજરાત હાઈકોર્ટમાં પવિત્ર યાત્રાધામ ઢીમામાં પ્રાથમિક સુવિધાઓ અને ગટર વ્યવસ્થાનાં



ગામનાં ગણેશભાઈ પટેલ દ્વારા વાવનાં ધારાસભ્ય સહિત મુખ્યમંત્રીને લેખિત ફરિયાદ કરી છે અને એમાં જણાવ્યું હતું કે મારાં ઘર આગળ કાયમી ગંદુ પાણી ભરાયેલુ રહે છે અને અમારા વિસ્તારમાં ભયંકર રોગચાળો મુદ્દે જાહેરહિતની અરજી કરવામાં આવશે. જ્યારે સમગ્ર મામલે વાવ તાલુકા વિકાસ અધિકારી બી.ડી. સોલંકીએ જણાવ્યું હતું કે હું હમણાં હાજર થયેલ છુ. જે કાંઈ હશે તેનો તાત્કાલિક ધોરણે નિરાકરણ લાવીશ.

# પુરથી પ્રભાવિત થરાદના ત્રણ ગામોના પુનર્વસન માટે બેઠક યોજાઈ

થરાદ, તા. ૩૧

૨૦૧૫ અને ૨૦૧૭માં આવેલા વિનાશક પૂરમાં થરાદ તાલુકાના નાગલા, ડોડગામ તેમજ ખાનપુર ગામમાં ભારે પાણી ફરી પુનર્વસનની ખાતરી આપવામાં આવી હતી.

જેના પગલે મંગળવારે સાંજે ધારાસભ્ય અને રાજયના મંત્રી પરબતભાઈ પટેલ તથા જિલ્લા તેમની અત્યારની જે જગ્યાએ છે તે પ્રમાણે જ તેમને અન્યત્ર જગ્યા ફાળવવામાં આવે તેવી માંગણી ઉઠવા પામી હતી.

જોકે જિલ્લાના અધિકારીઓ



વળ્યા હતા. જેમાં આખા નાગલા સહિત બાકીના બંન્ને ગામોના ગ્રામજનો અને ખેડૂતોને આજુબાજુના ટેકરાઓ પર સ્થળાંતર કરાવવું પડ્યુંહતું. તેમજ આ ગામોમાં ભરાયેલા પાણીનો મહીનાઓ બાદ નિકાલ થવા પામ્યો હતો. આથી ગામની મુલાકાતે આવેલા રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણી દ્વારા નાગલા તથા ખાનપુર અને ડોડ ગામના અતિઅસરગ્રસ્ત લોકોને કલેક્ટર દિલીપ રાણા તેમજ જિલ્લા વિકાસ અધિકારીની ઉપસ્થિતિમાં ત્રણેય ગામોના અસરગ્રસ્ત ખેડૂતો તથા ગ્રામજનોની બેઠક યોજાઈ હતી. જેમાં અસમંજસનો માહોલ જોવા મળ્યો હતો. કેટલાક ગ્રામજનોમાં સરકાર જો પાણી ન ભરાય તે રીતે જો કાયમી નિકાલ કરી આપતી હોય તેમની વડીલોપાર્જિત જગ્યા મુકીને ક્યાંય નહી જવાનો સુર ઉઠવા પામ્યો હતો. તો કેટલાક ગ્રામજનોએ દ્વારા સરકારના નિયમ પ્રમાણે જગ્યાની ફાળવણી થશે તથા એક વખત ફાળવણી થઈ ગયા પછી તેમની જુની જગ્યા પર સરકારની માલિકી થશે પરંતુ સરકાર દ્વારા જે વ્યવસ્થા મકાન લાઈટ પાણી પ્રાથમિક સુવિધા સહિતની જે વ્યવસ્થા આપવામાં આવશે તે સારી હશે તેવી સમજ સાથે ખાતરી આપી કોઈ જ બળજબરી નથી પણ જેને સ્વેચ્છાએ લાભ લેવો હોય તે લઈ શકે છે.

## અંદાજપત્ર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

મુશ્કેલીમાંથી પસાર થઈ ચુક્યા છે. જેથી તેમના માટે પણ કેટલીક આકર્ષક રાહત જાહેર કરવામાં આવી શકે છે. પગારદાર વર્ગ દ્વારા પણ અપેક્ષા રાખવામાં આવી રહી છે. બજેટમાં બચતને પ્રોત્સાહન આપવામાં આવી શકે છે. બજેટમાં સામાન્ય લોકો ઘણી બધી અપેક્ષાઓ રાખી રહ્યા છે. નોટબંધી બાદ રિયલ એસ્ટેટ સેક્ટરમાં પણ મંદી પ્રવર્તી રહી છે જેથી આ સેક્ટરમાં તેજી લાવવાનો પણ પડકાર રહેલો છે. આ ઉપરાંત હાઉસ પ્રોપર્ટી માટેની આવકને લઈને પણ કેટલીક જાહેરાતો થઈ શકે છે. બજેટમાં અન્ય કેટલીક જોગવાઈઓને લઈને તમામ લોકો પોતપોતાની રજૂઆતો કરી ચુક્યા છે. વર્ષ ૨૦૧૪માં મે મહિનામાં સત્તામાં આવ્યા બાદ મોદી સરકાર તેનુ પાંચમુ અને અંતિમ સંપૂર્ણ બજેટ રજૂ કરનાર છે. જેમાં મધ્યમ વર્ગ, ખેડુત વર્ગ, અને યુવા વર્ગને ખુશ કરવાના પ્રયાસ કરવામાં આવી શકે છે. બજેટમાં વ્યક્તિગતો અને કંપનીઓને ટેક્સમાં કેટલીક રાહત મળી શકે છે. ટેક્સના સ્લેબ અથવા તો મુક્તિ મર્યાદાના પાસામાં ફરી સમીક્ષા કરવામાં આવી શકે છે. તેમાં ફેરફાર કરીને વ્યક્તિગતો અને કંપનીઓને કેટલીક રાહત સરકાર આપી શકે છે. દેશમાં વધુ રોકાણ કરવા માટે કંપનીઓને પ્રોત્સાહન આપવા નવી પહેલ થઈ શકે છે. કોર્પોરેશન ટેક્સને લઈને પણ ગણતરી ચાલી રહી છે. ટેક્સ નિષ્ણાંતો માને છે કે મોદી સરકાર આ દિશામાં પહેલ કરી શકે છે. બજેટમાં જેટલી સંરક્ષણ ક્ષેત્ર માટે ફાળવણીમાં વધારો પણ કરી શકે છે. આશરે ૧૦ ટકા વધારો સંરક્ષણ ફાળવણીમાં કરવામાં આવી શકે છે. મોદી સરકાર કેન્દ્રિય બજેટમાં આ અંગે મહત્વપૂર્ણ જાહેરાત કરી શકે છે.

## ખગોળીય ઘટના...● અનુસંધાન પહેલાનું ચાલુ

દેખાયું હતું. ચંદ્ર તેના સામાન્ય આકારથી મોટો દેખાય તેને સુપર મૂન કહેવાય છે. આ દરમિયાન ચંદ્ર પૃથ્વીની ખુબ નજીક રહે છે. એક મહિનામાં જ્યારે બે પૂનમ આવે ત્યારે આ સ્થિતિને બ્લૂ મૂન કહેવામાં આવે છે. બીજી જાન્યુઆરીએ પૂનમ આવી હતી. આજે ૩૧મી જાન્યુઆરીએ પણ પૂનમ હતી. નાસાના વૈજ્ઞાનિકોના કહેવા મુજબ બ્લૂ મૂન અઢી વર્ષમાં એક વખત જોવા મળે છે. આ ગાળા દરમિયાન ચંદ્રનો નીચેનો હિસ્સો તેના ઉપરના ભાગથી વધારે ચમકદાર દેખાય છે. ચંદ્રગ્રહણને લઈને વૈજ્ઞાનિકો સવારથી જ સક્રિય થયેલા હતા. ભારત સિવાય આ ગ્રહણ એશિયા, રશિયા, મંગોલિયા, જાપાન, ઓસ્ટ્રેલિયામાં પણ જોવા મળ્યું હતું. ઉત્તર અમેરિકા, કેનેડા અને પનામામાં પણ તેની અસર દેખાઈ હતી. ગ્રહણ શરૂ થયા બાદ આસામ, અરુણાચલ, નાગાલેન્ડ, મિઝોરમ, સિક્કિમ, પશ્ચિમ બંગાળમાં આ નજારો જોવા મળ્યો હતો.

## ધરતીકંપ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

બપોરે ૧૨.૩૭ વાગે આંચકો આવ્યો હતો. ભારતમાં આ આંચકાથી કોઈ વધારે નુકસાન થયું નથી. હિમાચલ પ્રદેશમાં સિમલા, ધર્મશાલા, ઉના, હમીરપુર અને મંડીમાં આની અસર જોવા મળી હતી. પાકિસ્તાનમાં ૬.૧ની તીવ્રતાનો આંકડો અનુભવાયો હતો. બલુચિસ્તાનમાં લાસબેલા વિસ્તારમાં એક મકાન ધરાશાયી થતાં એકનું મોત થયુ હતું. ભૂકંપથી ઓછામાં ઓછા ૧૧ લોકો ઘાયલ થયા છે. ભારતના હિમાચલ, જમ્મુ કાશ્મીર, દિલ્હી-એનસીઆરમાં અસર રહી હતી.

## રાજ્યપાલ બનશે...?

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બાપુએ ગુજરાતના સક્રિય રાજકારણમાંથી નિવૃત્તિ જાહેર કરી છે આમ છતાં તેઓ પ્રજાના પ્રશ્નો માટે સતત લડતા રહેવાની પણ જાહેરાત કરી છે એટલે હવે મોદી તેમને રાજ્યપાલ પદે લઈ જવા માગે છે. રાજકીય વર્તુળોમાં એક એવી પણ ચર્ચા ચાલે છે કે બાપુને રાજ્યપાલ પદે ખસેડી અને ગુજરાતમાં નવા નેતૃત્વ સાથે ભાજપ વધુ આક્રમક બની સુશાસનની દિશામાં આગળ વધશે.

## પાઈપલાઈન નંખાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવ્યુ છે. જયારે ગ્રામ્ય વિસ્તારમાં પાણીની પોકારને ડામવા માટે બોર બનાવવા ઉપરાંત પાણીની નવી પાઈપલાઈન નાંખવા માટે પણ આયોજન કરી દેવાયુ છે. જેમાં હાલની દાયકાઓ જુની લાઈન અને ગામોની ટોપોગ્રાફીના લીધે અમુક વિસ્તારમાં ફોર્સથી પાણી ન આવતુ હોવાનો કકળાટ ઉદભવ્યો છે. સાંકડી પાઈપલાઈનના લીધે પાણીની સમસ્યા વધુ જટીલ બની છે. ત્યારે બોર નિર્માણ બાદ હવે પાઈપલાઈનનુ કામ પણ હાથ ધરાશે. જેમાં દાયકાઓ જુની ૮૦ એમ એમ ની લાઈન કાઢી નાંખી હવે ૧૫૦ એમ એમ ની લાઈન નાંખવા માટેનુ કામ હાથ ધરાશે. દાયકાઓ જુની લાઈન હાલ બજારમાં પણ ઉપલબ્ધ નથી. ત્યારે ગામના વિવિધ વિસ્તારમાં પાણી સપ્લાય કરતી લાઈન અપગ્રેડ કરવાનુ અનિવાર્ય બન્યુ છે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૪ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

## કાઉન્ટર જ નથી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અરજી કરવા માટે પણ અરજદારોની ભીડ જામે છે. ત્યારે ઓન લાઈન પ્રક્રીયા માટે પણ તેમણે હાલાકી વેઠવી પડે છે. આર ટી ઓ કચેરીમાં ઓનલાઈન પ્રક્રીયાને અનુલક્ષી અરજદારોને માર્ગદર્શન પુરુ પાડવા કે મદદરૂપ થવા માટે કોઈ પબ્લીક કાઉન્ટર પણ નથી. જેને અનુલક્ષી કચેરીના ગેટ બહાર બેસતા એજન્ટોની મદદથી જ કામ આગળ વધારવાની ફરજ પડે છે. પારદર્શક અને ઝડપી વહીવટની વાતો વચ્ચે આર ટી ઓ કચેરીમાં અરજદોરોને મુઝવણમાં મુકાવાનો વારો આવે છે.

## રિનોવેટ કરાશે...● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ખર્ચ કરવામાં આવશે. નગરના જુના સેકટરોમાં સ્થિત આ બન્ને લગ્નવાડીને નવા રૂપરંગ આપવા માટે કાર્યયોજના તૈયાર થઈ રહી છે. શહેરના અસ્તિત્વથી નિર્માણ કરાયેલા લગ્નવાડીઓ લાંબા સમયના અંતે બિનઉપયોગી બની હોવાનુ ધ્યાને આવ્યુ છે. જયારે લગ્નસમારંભોનુ આયોજન પણ નગરજનો માટે ચિંતાનો વિષય બનતા લગ્નવાડીઓને મરણપથારીએથી બેઠી કરવા માટે નવી યોજનાને આખરી ઓપ આપવામાં આવી રહયો છે. જેના અંતે નગરજનોને પણ લગ્નપ્રસંગ જેવા આયોજનમાં હાંશકારો વળશે.